**<u>ફો.પ.અ.નં:૩૫૫૫/૨૦૨૫</u>**

---

**<u>શહેરકોટડા પોલીસ સ્ટેશન પાર્ટ–એ.ગુ.રજી.નં:૧૧૧૯૧૦૪૧૨૫૦૧૫૮/૨૦૨૫, બી.એન.એસ. કલમ–૩૦૮(૨), ૩૫૧(૨), ૨૯૬(બી), ૬૧(૨) મુજબના ગુનાના કામે આરોપી જનકસિંહ સ/ઓ ધરમસિંહ દગડુભાઈ નહેરા નાઓની જામીન અરજી લગત હુકમ.</u>**

---

**(૧)** સદર કામે આરોપી સામે બી.એન.એસ. કલમ–૩૦૮(૨), ૩૫૧(૨), ૨૯૬(બી), ૬૧(૨) નો આક્ષેપ છે જે અંગે આરોપી તરફે વિ.વ.શ્રીએ તેમની જામીન અરજીમાં દલીલ કરેલ છે કે, સદર કામે આરોપીને ખોટી રીતે સંડોવી દીધેલ છે તેમજ આરોપી સામે સાત વર્ષની સજાની જોગવાઈનો આક્ષેપ કરતો ગુનો છે તેમજ આરોપી તપાસમાં સાથ સહકાર આપવાની ખાત્રી આપે છે અને આરોપીને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે કોઈ ગુનાહીત કૃત્ય કરેલ નથી તેમજ આરોપી સ્થાનિક રહેવાસી છે તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા માટે હાજર રહેવાની ખાતરી આપતા હોય તેમજ અગાઉ સહ આરોપીઓને જામીન પર મુકત કરેલ હોય સદર આરોપીઓને જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

**(૨)** સદર કામે વિ.એ.પી.પીશ્રી એ તેમની મૌખિક દલીલોમા રજુઆત કરેલ છે કે, આરોપીઓ સામે બી.એન.એસ. કલમ–૩૦૮(૨), ૩૫૧(૨), ૨૯૬(બી), ૬૧(૨) નો ગુનાનો આક્ષેપ છે જે અંગે સદર કામે આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી મેમ્કો ચાર રસ્તા પાસે આવેલ ચોકીની પાસે બોલાવી તેઓ ગેરકાયદેસર અનાજનું વેચાણ કરો છો તેવુ કહી પોલીસ કેસમાં ફસાવી દેવાની ખોટી ધમકી આપી તેમજ ફરીયાદીને ગાળો બોલી તેમજ ફરીયાદીએ અગાઉ ગૌતમભાઈ ત્રિવેદી વિરૂઘ્ધ ફરીયાદ કરેલ તે ફરીયાદ પાછી ખેંચી લેવા ધમકી આપી તેમજ તેઓએ પકડેલ અનાજની પટાવટ કરવા ફરીયાદી પાસેથી રૂા.૨૨૦૦૦/– બળજબરીથી કઢાવી ગુનો કરેલ હોઈ સદર કામે હાલમાં તપાસ ચાલુ છે જેથી આરોપીઓને જામીન પર મુકત કરવામાં આવે તો તેની સમાજમાં ખરાબ અસર પડે તેમ હોય ગુનાની ગંભીરતા ઘ્યાને લઈ આરોપીઓની

જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૩) સદર કામે ઉભય પક્ષકારોની દલીલો સાંભળી રેકર્ડ વંચાણે લીધુ ત.ક.અમલદારને સાંભળ્યા, સદર કામે આરોપી સામે આક્ષેપીત ગુનાની કાયદાકીય જોગવાઈ વંચાણે લેતા અત્રેની અદાલતને ટ્રાયલ ચલાવવાની સત્તા છે જયારે સદર આરોપીઓ ન્યુઝ પત્રકારની કાર્યવાહી કરતા ઈસમો છે જે અંગે સદર કામે ફરીયાદવાળો બનાવ તા:૨૮/૧૧ /૨૦૨૪ ના રોજ બનેલોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને ફરીયાદ તા:૦૪/૦૩/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ છે એટલે કે સદર વિલંબ અંગે ફરીયાદી તરફે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી જયારે આરોપીએ તપાસમાં સાથ સહકાર આપવાની ખાતરી આપતા હોય અને ફરીયાદીએ જે બનાવનો સમય ફરીયાદમાં દર્શાવેલ છે તે બાદ કોઈ ગુનાહિત કાર્યવાહી થયેલી હોય કે તે અંગે કોઈ આક્ષેપ કરેલ હોય તેવો કોઈ સ્પષ્ટ સમય કે વિગત ફરીયાદમાં જણાવેલ નથી જેથી સદર કામે હાલના આરોપી ન્યુઝ પત્રકારની કાર્યવાહી કરતા હોય અને તપાસમાં સાથ સહકાર આપવાની અને શરતોનું પાલન કરવાની ખાતરી આપતા હોય હાલના તબકકે ઉભય પક્ષકારોની દલીલો, રેકર્ડ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા હાલના કામે સદર આરોપીને જામીન પર મુકત કરવાની અત્રેની અદાલતને સત્તા હોઈ તેમજ અગાઉ સહ આરોપીને જામીન પર મુકત કરવામાં આવેલ હોય જેથી સદર આરોપીને પ્રિટ્રાયલ પનિશમેન્ટ ન થાય તે હેતુસર સદર કામે સદર આરોપીને શરતોને આધિન જામીન પર મુકત કરવો ન્યાયોચીત જણાતુ હોઈ હાલની જામીન અરજી લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

સદર કામે આરોપીને રૂા. **૧૦,૦૦૦/–** (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાત–મુચરકો રજુ કરેથી હાલના ગુનામાં સદર જામીન અંગે નીચેની શરતોએ જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શ ર તો ::–**

૧). આરોપીએ ફરીયાદપક્ષના પુરાવા કે સાહેદો સાથે ચેડા કરવા નહી કે સાહેદોને ફોડવાનો કોઈ પ્રયત્ન કરવો નહી.

૨). આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમીત હાજર રહેવુ.

૩). આરોપીએ તથા જામીનદારે પોતાના હાલના સરનામા તથા મોબાઈલ નંબર અત્રેની કોર્ટને તથા સંબંધીત પો.સ્ટેશનને પુરસીસથી જાહેર કરવા અને તે સરનામામાં તેમજ મોબાઈલ નંબરમાં ફેરફાર થાય તો તેની અત્રેની કોર્ટને જાણ કરવી.

૪). આરોપીએ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવું. આરોપી કોઈપણ શરતનો ભંગ કરશે તો આરોપીના જામીન આપોઆપ રદ્દ થયેલ ગણાશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા: ૨૮–૦૩–૨૦૨૫
અમદાવાદ શહેર.

**( પરેશ ભોગીલાલ નાયક )**
ત્રીજા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં:૦૩, અમદાવાદ શહેર.
કોડ નં: જીજે–૦૦૮૭૪